# શ્રી સોમનાથ ટ્રસ્ટના સ્વસ્તિક શોપીંગ પ્લાઝાની દુકાનનું

## <u>લીવ એન્ડ લાયસન્સ ડીડ</u>

૧. દુકાન નંબર :– જી/ એફ/સેક. .................................

૨. દુકાનનું ક્ષેત્રફળ :– ૧૧'.૬"× ૨૧'/ ૧૩'.૬"×૧૩'.૮ ચો. ફુટ

૧૧'.૬"× ૭'/.૧૩'.૬"×૧૪'.૯" ચો. ફુટ

૩. ધંધાનો પ્રકાર :– ..........................................

૪. માસિક લાયસન્સ ફી :– રૂા. ....................................

૫. સિકયોરીટી ડીપોઝીટની રકમ :– રૂા................, રસીદ નં..................,

તા...../..../૨૦૧

૬. ડી. આર. એફ. ડીપોઝીટની રકમ :– રૂા................., રસીદનં................,

તા...../..../૨૦૧

૭. લાયસન્સની સમય મર્યાદા :– ૩૫ માસ, તા.../.../૨૦..થીતા.../../૨૦૧.. સુધી.

## <u>લીવ એન્ડ લાયસન્સ ડીડ</u>

શ્રી સોમનાથ ટ્રસ્ટ તે રજીસ્ટર્ડ થયેલ પબ્લીક ટ્રસ્ટ વતી
ડેપ્યુટી સેક્રેટરી અને જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ
પ્રભાસ પાટણ ..................................................... લાયસન્સર
શ્રી ...........................................
ઉ.વ. ....... ધંધો ...........................
રે.............................................
..............................................
પ્રભાસ પાટણ – ....................................................લાયસન્સી

લાયસન્સર....................................... લાયસન્સી ...........................................
સાક્ષી .......................................... સાક્ષી ..............................................

# <u>લીવ એન્ડ લાયસન્સ ડીડ</u>

શ્રી સોમનાથ ટ્રસ્ટ તે રજીસ્ટર્ડ થયેલ પબ્લીક ટ્રસ્ટ વતી
ડેપ્યુટી સેક્રેટરી અને જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ
પ્રભાસ પાટણ ........................................................ લાયસન્સર

શ્રી .............................................
ઉ.વ. .......  ધંધો ............................
રે..............................................
................................................
પ્રભાસ પાટણ – ....................................................લાયસન્સી

જત જુનાગઢ જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ શહેર ખાતે આવેલ શ્રી સોમનાથ ટ્રસ્ટની જુદી જુદી મીલકતો પૈકી શ્રી સોમનાથ ટ્રસ્ટના જુદા જુદા શોપીંગ સેન્ટર પૈકી શ્રી.........................................શોપીંગ સેન્ટર/કોમ્પ્લેક્ષમાંની જુદી જુદી દુકાનો પૈકી નીચેના/ઉપરના ભાગે આવેલ દુકાન નં. ........... આ લીવ એન્ડ લાયસન્સ ડીડ ધ્વારા નીચે મુજબની જુદી જુદી શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતોએ લીવ એન્ડ લાયસન્સથી આપવામાં આવે છે.

૧. શ્રી સોમનાથ ટ્રસ્ટ આ દુકાનના તેમજ મીલકતના કાયદેસરના કબજેદાર છે અને રહેશે. લાયસન્સની મુદત દરમ્યાન લાયસન્સી તેનો સદર લીવ એન્ડ લાયસન્સ ડીડમાં જણાવવામાં આવેલ તમામ શરતોને આધીન રહીને જ માત્ર આપવામાં આવેલ અધીકારનો ઉપયોગ કરી શકાશે. સદર બાબતે લાયસન્સીનું કોઈ જ સ્વરૂપનું હિત, હકક કે અન્ય કોઈપણ અધીકાર કયારેય પણ ઉભો થશે નહી કે તેવા પ્રકારની કોઈ જ રજુઆત પણ કરી શકાશે નહીં કે તેવી કરવામાં આવેલ રજુઆત ટકવાપાત્ર કે ટકી શકશે પણ નહીં.

૨. આ દુકાનનું ક્ષેત્રફળ **૧૧'.૬''× ૨૧'/ ૧૩'.૬''×૧૩'.૮ ચો. ફુટ ૧૧'.૬''× ૭' /.૧૩'.૬''×૧૪'.૯'' ચો. ફુટ /............................** ચો. ફુટ/ ચો. મીટર નીચેના ભાગે / પ્રથમ માળે/ બીજા માળે ઉપરના ભાગે છે.

૩. શ્રી સોમનાથ ટ્રસ્ટની કોઈપણ સંજોગોમાં લેખીત તેમજ પૂર્વપરવાનગી વગર આ દુકાન કે ટ્રસ્ટની મીલકતમાં તેમજ તેના બાંધકામ કે તેની ડીઝાઈનમાં, કલરમાં, એલીવેશન વગેરેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં. આમછતા પણ જો તેમજ કરવામાં આવશે તો લાયસન્સીના ખર્ચે તેવા ફેરફાર દુર કરાવી અને લાયસન્સ વિના વળતરે રદ કરી અને કબજો પણ ટ્રસ્ટ ધ્વારા મેળવી શકાશે. આ ઉપરાંત જો ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૪. આ દુકાન જે ધંધા/વ્યવસાય માટે આપવામાં આવેલ છે તેમાં માત્ર ને માત્ર તેજ હેતુથી તેનો ઉપયોગ કરી શકાશે. જો બીજા હેતુ માટે અથવા તો ધંધો વ્યવસાય તેવો કોઈપણ ઉપયોગ કરવામાં આવશે તો ટ્રસ્ટ ગમે ત્યારે તેમજ વગર નોટીશે તેમજ વળતરે લાયસન્સ રદ કરવા માટે અબાધીતપણે હકદાર રહેશે અને દુકાનનો કબજો પણ મેળવી શકશે. આ ઉપરાંત જ ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૫. કોઈપણ પ્રકારનું પ્રદુષણ જેવુ કે જળ, ભુમી વાયુ તેમજ પર્યાવરણમાં પ્રદુષણ થાય કે ટ્રસ્ટના કે અન્ય કોઈપણના ઈઝમેન્ટના અધીકારો કે જીદંગી જીવવા માટેના, અન્ય કાનૂની અધીકારો ભંગ થાય તેવો વ્યવસાય કે તે રીતે સદર મીલકતનો ઉપયોગ કરી શકાશે નહીં કે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર કે માઈકનો પણ ઉપયોગ કે અન્ય એવા કોઈ ઈલેકટ્રીક સાધનનો ઉપયોગ કરી શકાશે નહીં. આ ઉપરાંત સદર મીલકતના ઉપયોગમાં સદર ધંધાના સ્થળની બહાર સંભળાય તે રીતે કોઈપણ યાંત્રિક ઉપકરણ જેવી કે મ્યુઝિક, ઓડીયો વિડીયો વગેરે જેવી સિસ્ટમ પણ તે રીતે વાપરી શકાશે નહીં.

૬. શ્રી સોમનાથ તીર્થ સ્થળની પવિત્રતા જળવાઈ તેમજ ધાર્મિક વાતાવરણ અને પરંપરાએ અનુરૂપ હોય તે રીતે જ ધંધાકીય પ્રવિૃતી – વ્યવસાય કરવાનો રહેશે. ઈંડા માંસ, મચ્છી કે કોઈપણ પ્રકારના પ્રાણીજ ખોરાક તેમજ પ્રતિબંધીત માદક પીણાઓ, જુદા જુદા સ્વરૂપના તમાકુઓ ગુટકાઓ, અર્ધનગ્ન કે અશ્લીલ ચિત્ર, પોસ્ટર સીડી ફોટા, એકથી વધારે અર્થ નીકળતા હોય તેવા પ્રકારના લખાણ સીડી કે કોઈપણ

સ્વરૂપના ઈલેકટ્રીક સ્વરૂપના સાધનનું વેચાણ કે તેનો કોઈપણ સ્વરૂપે ઉપયોગ પણ કરી શકાશે નહી. આ બાબતે ટ્રસ્ટ તરફથી તેમના કોઈપણ અધીકારીની લેખીત કે મૌખિક આપવામાં આવેલ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા માટેની તમામ જવાબદારી લાયસન્સીની અંગત રીતે રહેશે જેના ભંગ થયે વગર નોટીશે તેમજ વિના વળતરે લાયસન્સ રદ કરવા માટે અબાધીતપણે હકદાર રહેશે અને દુકાનનો કબજો પણ મેળવી શકશે. આ ઉપરાંત જ ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૭. આ લીવ એન્ડ લાયસન્સના વ્યવહારની દુકાનમાં શ્રી સોમનાથ મંદિર તેમજ અન્ય મંદિરોની ધાર્મિક મર્યાદાઓ, માન્યતાઓ, ધાર્મિક વાતાવરણ અને પરંપરાને અનુરૂપ હોય તેવી જ તેમજ જે રીતે જ જણાવવામાં આવેલ ધંધાકીય પ્રવૃતી કરવાની રહેશે તથા તે મુજબ જ તેનો ઉપયોગ પણ કરવાનો રહેશે. જે કોઈપણ પ્રકારની પ્રવૃતી વાંધાજનક જણાશે તો તેવી પ્રવૃતી કે તેવા પ્રકારનો ઉપયોગ ગમે ત્યારે બંધ કરવા–કરાવવામાં આવશે. આવા સમયે ટ્રસ્ટ ગમે ત્યારે તેમજ વગર નોટીશે તેમજ વળતરે લાયસન્સ રદ કરવા માટે અબાધીતપણે હકદાર રહેશે અને દુકાનનો કબજો પણ મેળવી શકશે. આ ઉપરાંત જ ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૮. લાયસન્સર ટ્રસ્ટની સદર લાયસન્સવાળી મીલકત/દુકાનમાં લાયસન્સીના કોઈપણ સખાધિકાર, વિશેષાધિકાર કે અન્ય કોઈપણ પ્રકારના કાનૂની કે નૈતિક કે માનવીય અધીકાર છે નહીં કે તે તેવા ઉભા થશે પણ નહીં કે થઈ શકશે પણ નહીં. સદર લાયસન્સમાં જણાવવામાં આવેલ ફકત સમય મર્યાદા દરમ્યાન જ લાયસન્સીનો કબ્જો માત્ર ને માત્ર શરતોઅનુસાર તેમજ તેનું સંપુર્ણ તેમજ ચુસ્તપાલન કરવાની પાયાની તેમજ પ્રાથમિક શરત સાથે તેનો ઉપયોગ કરવાના માત્ર હેતુથી પરમીસીવ સ્વરૂપનો જ કબજો સોંપવામાં આવેલ છે તેમજ તે જ રીતેનો જ રહેશે.

૯. સદર દુકાન/મીલકતની આસપાસ કે આગળ કે પાછળના કોઈપણ ભાગમાં કોઈપણ સ્વરૂપનું અનધિકૃત દબાણ કે વપરાશ કરીને ઉપયોગ કરી શકાશે નહીં કે આવી બાબતે કોઈપણ પ્રકારની લેખીત તેમજ પુર્વપરવાનગી વગરનું વિસ્તરણ કરવાનું રહેશે જ નહીં. આમ છતા પણ જો તેમ કરવામાં આવશે તો ટ્રસ્ટના કોઈપણ અધીકારીશ્રી કોઈપણ સ્વરૂપની નોટીશ આપ્યા વગર લાયસન્સીના ખર્ચે દુર કરાવવા માટે અબાધીત રીતે હકદાર છે તેમજ રહેશે જે અંગે કોઈપણ સ્વરૂપના વાંધા તકરાર લાયસન્સીએ કે તેમના પક્ષે લઈ શકાશે નહીં કે લેવામાં આવશે પણ નહીં. આ ઉપરાંત જે સંજોગોમાં ટ્રસ્ટ ગમે ત્યારે તેમજ વગર નોટીશે તેમજ વળતરે લાયસન્સ રદ કરવા માટે અબાધીતપણે હકદાર રહેશે અને દુકાનનો કબજો પણ મેળવી શકશે. આ ઉપરાંત જ ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૧૦. લાયસન્સીએ ટ્રસ્ટનીઆ દુકાન કે મીલકતના આગળ તેમજ આજુબાજુના ભાગમાં જરૂરી સાફ સફાઈ રાખવાની રહેશે તથા કચરા માટેનું ડસ્ટબીન પણ પોતાના ખર્ચે મુકવાનું રહેશે તેમજ સોલીડ વેસ્ટ તેમજ કચરો વગેરે જાહેર હિત કે સુખાકારીને હાનિ ન થાય તેવા સ્થળે તેમજ જો સદર બાબતના નિકાલ

અંગે કોઈ પ્રક્રિયા નકકી થયેલ હોય અથવા તો સદર લાયસન્સના સમયગાળા દરમ્યાન કરવામાં આવે તો તે મુજબ જ લાયસન્સીએ પોતાના ખર્ચે નિકાલ કરવાનો રહેશે અને જે બાબતનું પણ ચુસ્તપણે અમલવારી કરવાની તેમજ કરાવવાની રહેશે.

૧૧. સદર દુકાન મીલકતની આસપાસના કે અન્ય દુકાનદારોને કે આજુબાજુ કે નજીકના ભાગે આવેલ મંદિર, અતિથીગૃહોને કે તેમાં હાજર રહેલા કે રહેતા વ્યકિતઓ, યાત્રિકો વગેરેને કોઈપણ સ્વરૂપે ત્રાસ મુશ્કેલી કે હાનિ થાય તેવા કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય, પ્રવૃતિ કરી શકાશે નહીં. આમછતા પણ જો તેમ કરવામાં આવશે તો જે સંજોગોમાં ટ્રસ્ટ ગમે ત્યારે તેમજ વગર નોટીશે તેમજ વળતરે લાયસન્સ રદ કરવા માટે અબાધીતપણે હકદાર રહેશે અને દુકાનનો કબજો પણ મેળવી શકશે. આ ઉપરાંત જ ટ્રસ્ટ ધારે તો કોઈ વધારાનો હુકમ પણ કરવાને માટે હકદાર છે.

૧૨. લાયસન્સી કે તેના કોઈ જ ગુમાસ્તા, નોકર, દલાલ એજન્ટ સેલ્સમેન કે તેમની સાથે કોઈપણ રીતે સંકળાયેલ વ્યકિત વગેરે તરફથી યાત્રિક, ભકતજનો ગ્રાહકો કે તેવી કોઈપણ વ્યકિતને તેમના ધંધાના સ્થળની મુલાકાત લેવા માટે કે તેમને ત્યાંથી જ ખરીદી કરવા માટેનો આગ્રહ દબાણ કરી શકાશે નહીં કે તવા હેતુ માટે તેવા કોઈપણ સ્વરૂપના પ્રલોભન પણ આપી શકાશે નહી કે તેવા પ્રકારનું વર્તન પણ કરી શકાશે નહીં.

૧૩. આ લીવ એન્ડ લાયસન્સનો કરાર લાયસન્સરની પુર્વપરવાનગી વગરનો બિનતબદીલીને પાત્ર જ છે. માત્ર ને માત્ર લાયસન્સર ટ્રસ્ટની જ પુર્વપરવાનગીથી જ તેમજ લાયસન્સર ટ્રસ્ટ જે વધારાના કોઈપણ શરતો તેમજ હેતુઓ ઠરાવે તે પ્રમાણે જ લીવ એન્ડ લાયસન્સ ટ્રાન્સફરની શરતોને આધીન રહીને તેમજ આ સાથેના પરિશિષ્ટમાં જણાવવામાં આવેલ શરતો મુજબ જ અન્ય કોઈને તબદીલ થઈ શકશે તથા તેને માટે તેવા દરેક કિસ્સામાં નવુ જ લાયસન્સ મેળવવાનું રહેશે. સદર કિસ્સામાં ટ્રસ્ટ ધ્વારા લાયસન્સ ફી માં તેમજ જુદી જુદી ડીપોઝીટની રકમમાં પણ વધારો કરી શકશે તેમજ જે બાબત હાલના તેમજ નવા લાયસન્સ હોલ્ડરને બિનશરતી તેમજ સંપુર્ણપણે બંધનકારક રહેશે.

૧૪. સદર લીવ એન્ડ લાયસન્સની સાંપ્રત સમય મર્યાદા તા...../....../૨૦૧.. થી તા. ..../..../૨૦૧ સુધીના સમયગાળા માટે એટલે કે માત્ર ને માત્ર ૩૫ માસ ની જ રહેશે. ત્યારબાદ જો લાયસન્સર ટ્રસ્ટ ઈચ્છે અથવા તો ધારે તો જ રીન્યુ કરી શકાશે. સદર બાબત અંગેની તમામ સતા તેમજ એકાધિકાર પણ એક માત્ર લાયસન્સર ટ્રસ્ટને જ છે તેમજ રહેશે. આવા કિસ્સામાં જો લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા જે કાંઈપણ લાયસન્સ ફીમાં વધારો તેમજ જુદી જુદી ડીપોઝીટની રકમમાં પણ વધારો કરવામાં આવશે તેમજ જે કોઈપણ નવી શરતો વગેરે ઉમેરવામાં આવે અથવા તો સમગ્ર લાયસન્સ ડીડમાં જ જો ફેરફાર કરવામાં આવે તો તે તમામ બાબત લાયસન્સીને બિનશરતી રીતે તેમજ સંપુર્ણપણે બંધનકારક રહેશે. જો લાયસન્સ રીન્યુઅલ ન થયેલ હોય તો તેવા કિસ્સામાં લાયસન્સીનો કબજો અનધિકૃત જ ગણવામાં આવશે.

૧૫. આ લાયસન્સ ડીડની શરતોનું પાલન બરાબર થાય છે કે નહીં તેની તપાસ કરવા માટે સદર દુકાન – મીલકતમાં દાખલ થવા માટેના ટ્રસ્ટના પ્રતિનીધી, અધીકારી કે ટ્રસ્ટ સાથે સંકળાયેલી કોઈપણ વ્યકિતને હકક રહેશે થતા તે બાબતની ગમે ત્યારે કોઈપણ પ્રકારની નોટીશ વગર તપાસ કરી શકાશે. જેમાં લાયસન્સી પક્ષે જરૂરી તેમજ પુરતો સાથ તેમજ સહકાર આપવાનો જ રહેશે.

૧૬. આ દુકાન મીલકત ને માત્ર ને માત્ર યાત્રિકોની સુવિધા ના હેતુથી આપવામાં આવેલ હોય જેથી તેનો ઉપયોગ ગોડાઉન, વખાર, બેઠક કે મીટીંગ વગેરે માટે કે કોઈપણ પ્રકારની શરત કે સટ્ટાકીય પવૃતિ, રહેવા માટે, વસવાટ માટે કે અન્ય કોઈપણ સ્વરૂપે કે આપવામાં આવેલ હેતુ સિવાય કયારેય પણ કરવાનો નથી. જો કોઈપણ પ્રકારના વાજબી કારણ વગર ત્રણ માસ જેવા લાંબા સમય ગાળા માટે બંધ રહેશે તો તેવા સંજોગોમાં પણ ટ્રસ્ટ લાયસન્સ રદ કરી અને વિના વળતરે કબ્જો પરત મેળવી શકશે.

૧૭. આ લાયસન્સ ડીડના સમય દરમ્યાન લાયસન્સી પક્ષે જો દુકાનને કે ટ્રસ્ટની અન્ય કોઈપણ મીલકતને કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે અથવા નુકશાન થશે તો તેવા પ્રકારની કોઈપણ નુકશાની ભરપાસ કરવાની જવાબદારી માત્ર ને માત્ર લાયસન્સીની જ પોતાની તેમજ અંગત રહેશે અને આવા નુકશાન અંગેનો અંદાજ શ્રી સોમનાથ ટ્રસ્ટના અધિકૃત પ્રતિનીધી ધ્વારા કરવામાં આવશે. જે લાયસન્સી પક્ષને સંપુર્ણપણે તેમજ બિનશરતી રીતે બંધનકર્તા રહેશે. જો લાયસન્સી ધ્વારા આવી સુચનાનુસારની રકમ દિવસ – (૮) આઠમાં ટ્રસ્ટમાં અથવા તો તે અંગેની સુચનાનુસાર જમા કરાવવામાં નહી આવે તો તે માટે તેવી રકમ પણ ૧૮% અથવા તો તેના કરતા વધારના વ્યાજ તેમજ મુળ રકમ વસુલ કરવા માટેનો અબાધિત અધિકાર લાયસન્સર ટ્રસ્ટને રહેશે.

૧૮. સદર દુકાન મીલકતમાં વિજ વપરાશ માટે ઈલેકટ્રીક મીટર – એનર્જી મીટર લાયસન્સીએ પોતાના નામનું જ મેળવવાનું રહેશે. લાયસન્સીએ પી.જી.વી.સી.એલ. અથવા ભવિષ્યમાં વિજ પુરવઠો પુરો પાડનાર સંસ્થા/કંપની ધ્વારા આપવામાં આવેલ સદર મીટર અંગેનું બીલ તેની મુદતમાં ભરી આપવાનું રહેશે. વધતા ઓછા વીજ બીલ અંગેના વિવાદ બાબતે લાયસન્સી અંગત રીતે વીજ પુરવઠો પુરો પાડનાર સંસ્થા/કંપનીને જવાબદાર રહેશે જે બાબતે લાયસન્સર ટ્રસ્ટ કોઈપણ સ્વરૂપે જવાબદાર છે નહીં કે ભવિષ્યમાં રહેશે પણ નહીં. આ ઉપરાંત એનર્જી મીટરની જાળવણી, વીજ ચોરી અથવા કોઈપણ કાયદાકીય વિવાદમાં લાયસન્સર ટ્રસ્ટ જવાબદાર રહેશે જ નહીં. આ અંગે વીજ પુરવઠો પુરો પાડનાર સંસ્થા/કંપનીની શરતો તથા જોગવાઈઓનું લાયસન્સીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને આ સદર્ભમાં ઉભી થનાર દિવાની, ફોજદારી કે અન્ય કોઈપણ પ્રકારની જવાબદારી / ગુના માટે માત્ર ને માત્ર લાયસન્સી જ અંગત રીતે જવાબદાર રહેશે. લાયસન્સી જો કોઈપણ પ્રકારની ગેરરીતી કરતા કરતા માલુમ પડશે તો તેમની સામે વીજ પુરવઠો પુરો પાડનાર સંસ્થા/કંપની જે તે સમયે લાગુ પડતી જોગવાઈઓને તેમજ કાયદાઓને આધીન રહી અને લાયસન્સી સામે જ જરૂરી પગલા લઈ શકશે. આ ઉપરાંત આવા

કિસ્સામાં લાયસન્સર શ્રી સોમનાથ ટ્રસ્ટ પોતાને યોગ્ય લાગે તેવી તપાસ પણ કરાવી લાયસન્સીના ખર્ચે કરાવવા માટે હકદાર રહેશે જે બાબત અંગે તેમ કરવા માટે લાયસન્સી બંધાયેલ છે અને જો ખાતરી થાય તો આ લીવ એન્ડ લાયસન્સ ડીડ વિના વળતરે તેમજ વિના નોટીશે અબાધિત રીતે હકદાર છે તેમજ રહેશે તેમજ સદર પ્રકારની તપાસ અંગેની રકમ જો લાયસન્સી સુચનાનુસાર સમય મર્યાદામાં ચુકવે નહીં તો તેની પાસેથી તેવી રકમ વ્યાજ સાથે વસુલ કરવા માટે લાયસન્સર હકદાર રહેશે તેમજ જો જરૂર જણાય તો તેવી બધી જ રકમ લાયસન્સીએ ભરવા પાત્ર લાયસન્સ ફીની રકમ કે જે જમા કરાવવાના હેતુ માટે લાયસન્સી પક્ષે રજુ કરવામાં આવે જેમાંથી જ બારોબાર કપાત કરી અને વધારાની તેમજ બાકીની તેવી લાયસન્સ ફી ચુકવવા માટેની સુચના આપવા માટે હકદાર રહેશે.
વીજ વપરાશ અને વીજ કનેકશન બાબતે વીજ વપરાશ પુરો પાડનાર વીજ કંપનીને વીજ કનેકશન મેળવવા અંગેના જે કાંઈ પુરા પાડવાના તથા આધાર બહેંધરી પત્ર, પુરાવાઓ વગેરે લાયસન્સીએ અંગત રીતે જ આપવાના રહેશે. સદર બાહેંધરી પત્ર વગેરે રજુ કર્યા બાદ જ વીજ કંપની / સંસ્થા તેમને તે પ્રકારનો વીજ પ્રવાહ તેમજ પુરવઠો ચાલુ કરશે તથા જે અંગે માત્ર ને માત્ર લાયસન્સી જ અંગત તેમજ દરેક રીતે જવાબદાર છે તેમજ રહેશે. આવા બાહેંધરી પત્ર પ્રવર્તમાન કાયદાનુસાર રજુ કરવાનું રહેશે અને તેની તેમજ તેવી દરેક જોગવાઈઓનું ચુસ્તપણે પાલન પણ કરવાનું રહેશે. સદર બાબતેની તમામ જોગવાઈઓના સંદર્ભમાં પણ ઉપસ્થિત થનાર દિવાની, ફોજદારી તેમજ અન્ય તમામ પ્રકારની જવાબદારી અંગે લાયસન્સી જ જવાબદાર રહેશે તથા આવી કોઈ દીવાની, ફોજદારી કે અન્ય કોઈપણ પ્રકારની જવાદારી માટે લાયસન્સર ટ્રસ્ટ કયારેય તેમજ કોઈપણ સ્વરૂપે પણ જવાબદાર થશે નહીં કે રહેશે પણ નહીં કે ઠેરવી કે માની પણ શકાશે નહીં.

૧૯. આ દુકાન મીલકત જે હેતુ માટે સુંસંગત કાયદાનુસાર આપેલ છે તે હેતુ માટેનો ઉપયોગ કરવા માટે જો અન્ય કોઈ લેવા પાત્ર તેમજ જરૂરી એવા તમામ લાયસન્સ, મંજુરી વગેરે નગર પાલિકા કે સરકારી સંસ્થા કે અન્ય પ્રવર્તમાન કાયદાનુસાર રચાયેલ સ્થાનિક સતા મંડળ વગેરે પાસેથી મેળવવાના થતા હોય તેવા તમામ પ્રકારના લાયસન્સ, પરવાનગી, પરવાના, મંજુરી વગેરે લાયસન્સીએ જાતે જ મેળવી અને ટ્રસ્ટમાં એક નકલ રજુ કરવાની રહેશે અને તેમા જણાવવામાં આવેલ તમામ જુદી જુદી જોગવાઈઓ તેમજ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી માત્ર લાયસન્સીની જ છે તેમજ અંગત રીતે રહેશે.

૨૦. આ દુકાન અંગે જે કોઈપણ જુદા જુદા પ્રકારના ટેકસીઝ તેમજ લોકલ ઓથોરીટીઝના ટેકસીઝ અંગેની જે કાંઈપણ રકમ ભરવાપાત્ર થતી હોય તે તમામ રકમ જે તે ઓથોરીટી કે ટ્રસ્ટ તરફથી સુચના મળવ્યા બાદ લાયસન્સીએ કોઈપણ પ્રકારના વિના વિલંબે તેવી તમામ રકમ ટ્રસ્ટની કચેરીમાં જમા કરાવવાની રહેશે. આમ છતા પણ જો લાયસન્સી ધ્વારા આવી રકમ દિવસ – ૦૮ માં જમા નહીં કરાવવામાં આવે તો તેવી તમામ રકમ પર ૧૮% વ્યાજ અથવા તો જે તે સમયે જે પ્રર્વતમાન વ્યાજના દર

ઉંચા હોય તે મુજબની મુળ રકમ તેમજ તેના પર તેવી રીતે ચુકવવાપાત્ર વ્યાજ સહીતની તમામ રકમ વસુલ મેળવવા માટે તેમજ વસુલ કરવા માટે અબાધિત હકકદાર છે તેમજ રહેશે.

૨૧. લાયસન્સ હોલ્ડરે આગ કે અન્ય કોઈપણ કારણસર કોઈપણ પ્રકારના ગંભીર પ્રકારના બનાવ ન બને તે માટેની તમામ સ્વરૂપની આગવી તકેદારી રાખવાની રહેશે તેમજ તેના ભાગ રૂપે અગ્નિશામક સાધનો તેમજ અન્ય તમામ જરૂરી એવા સધાનો વગેરે પણ રાખવાના રહેશે તથા સમયાંતરે પધ્ધિતી અનુસાર તેવા તમામ સાધનોનું રીફીલીંગ પણ કરાવવાનું રહેશે. આવા કોઈપણ અકસ્માતના સંજોગોમાં થયેલ સદર દુકાનને અથવા આસપાસની કે આજુબાજુની દુકાનો, મીલકત કે વ્યકિતને થયેલ જાનમાલના નુકશાન માટે કોઈપણ સ્વરૂપે લાયસન્સર ટ્રસ્ટ જવાબદાર રહેશે નહીં. જો આ અકસ્માત માટે લાયસન્સી કોઈપણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કારણભુત હશે તો તે માટેની દિવાની, ફોજદારી કે અન્ય કોઈપણ સ્વરૂપની તમામ કાયદાકીય  તેમજ અન્ય તમામ જવાબદારી માત્ર લાયસન્સીની અંગત રીતે રહેશે.

૨૨. લાયસન્સ હોલ્ડર માત્ર તેમના હસ્તકની સદર દુકાન–મીલકતના એરીયા પુરતા ભાગ–એરીયા પુરતા જ સદર લાયસન્સથી મળેલ મંજુરી મુજબ કાયદેસરના પરમીસીવ કબજેદાર રહેશે. જેથી સદર દુકાન કે મીલકતના નીચેના, ઉપરના કે અન્ય કોઈપણ ભાગનો કયારેય પણ ઉપયોગ કરી શકશે નહીં. ટ્રસ્ટે આપવામાં આવેલ સદર લાયસન્સ સિવાયની તમામ ખુલ્લી જમીન વગેરે એરીયા અંગેના તમામ અબાધિત હકક માત્ર લાયસન્સર ટ્રસ્ટને જ રહેલ હોય જેથી જે બાબતે લાયસન્સી પક્ષને કોઈ જ હકક હિત, કે અધિકાર છે નહીં કે ભવિષ્યમાં રહેશે પણ નહીં કે તેવી બાબતે કોઈપણ તકરાર, વિવાદ કે રજુઆત કરી પણ શકાશે નહીં તેમજ જો તેવી રજુઆત કરવામાં આવશે તો તે ટકવાપાત્ર કે માનવાપાત્ર રહેશે પણ નહીં. આ ઉપરાંત ટ્રસ્ટ ધારે તો આ રીતે વધારાની જગ્યાના અનધિકૃત તેમજ મનસ્વી વપરાશ અંગેનુ વપરાશ મુલ્ય પણ તેમજ તેની પર જે વાજબી લાગે તેવુ તેમજ તેટલુ વ્યાજ પણ વસુલ કરી શકશે. વિશેષમાં આવા બનાવમાં લાયસન્સ પણ રદ કરી શકાશે.

૨૩. આ દુકાન–મીલકતની માસીક લીવ એન્ડ લાયસન્સ ફી રૂા. ........../– (અંકે રૂપિયા....................................પુરા) દર માસે અગાઉથી અુચક જમા કરાવવાની રહેશે. જે બાબતે કોઈપણ પ્રકારની જાણ ટ્રસ્ટ ધ્વારા કરવા અંગેની જરૂરીયાત રહેશે નહીં કે કરવામાં પણ આવશે નહીં. લાયસન્સીએ નિયત માસની લાયસન્સ ફી ની સદર રકમ દર માસની પ્રથમ ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં સામેથી જ અચુકપણે જમા કરાવવાની રહેશે સદર બાબતે ટ્રસ્ટ તરફથી લાયસન્સીને કોઈ જ સ્વરૂપની જાણ કરવા માટેની આવશ્યકતા છે નહીં કે રહેશે પણ નહીં. સદર લાયસન્સ ફી અંગેની તમામ જવાબદારી માત્ર ને માત્ર લાયસન્સી પક્ષની જ છે તેમજ રહેશે. આમછતા પણ જો લાયસન્સી તરફથી સતત ત્રણ માસ સુધી લાયસન્સ ફી જમા કરાવવામાં નિષ્ફળ થશે તો તેવા સંજોગોમાં ટ્રસ્ટ વિના નોટીશે લાયસન્સ રદ કરી અને વિના વળતરે કબજો લેવા માટે હકકદાર રહેશે. આ ઉપરાંત સદર નહી ચુકવવામાં આવેલ લાયસન્સ ફીની વસુલાત ટ્રસ્ટ ધ્વારા ગમે ત્યારે તેમજ ગમે તેવી કાર્યવાહી કરી અને વસુલાત કરી

તેમજ કરાવી શકાશે તેમજ તેવી તમામ ચડત રકમ પર ૧૮% અથવા તો જો માર્કેટ મુજબ જે વ્યાજ હોય તે પૈકી જે દર વધારે હોય તે મુજબ વ્યાજ પણ વસુલ અબાધિત રીતે વસુલ કરી શકાશે.

૨૪. સદર દુકાન–મીલકતની યોગ્ય જાળવણી તેમજ અન્ય વસુલાતના હેતુ માટે લાયસન્સી તરફથી સ્વૈચ્છાએ **રૂા. ૫૦,૦૦૦/ ( અંકે રૂપિયા પચાસ પુરા )** ની રકમનો ચેક/ડીડી નં. .................... બેંક.......................................ની પ્રભાસ પાટણ/........... ની શાખાનો / રોકડા તા. / /૨૦૧ ના રોજ રસીદ નં. .................. થી વ્યાજ વગરની રીફંડેબલ સિકયોરીટી ડીપોઝીટની રકમ ટ્રસ્ટમાં જમા કરાવવામાં આવેલ છે. આ લીવ એન્ડ લાયસન્સની સમય મર્યાદા પુરી થયા બાદ અથવા તો કોઈ શરત ભંગ કે અન્ય કોઈપણ કારણસર કે જેની કારણે ટ્રસ્ટ ધ્વારા લાયસન્સી પાસેથી કોઈ પણ પ્રકારની રકમ વસુલ કરવાની હોય દા.ત. ચડત લાયસન્સ ફી, કોઈપણ સ્વરૂપની નુકસાનીની રકમ, અન્ય કોઈપણ સ્વરૂપની વસુલાત કરવાની થતી કોઈપણ રકમ કે તેવી રકમ પર કે અન્ય તમામ રકમ પર વસુલાત કરવાપાત્ર વ્યાજ, વગેરે તેવા પ્રકારની તમામ રકમ માટે સદર ડીપોઝીટની રકમમાંથી કોઈપણ પ્રકારની નોટીશ કે જાણ આપ્યા સિવાય કરવામાં આવશે. આમ છતા જો તેવા પ્રકારની રકમની સંપુર્ણપણે વસુલાત ન થઈ શકે તો લાયસન્સીએ જમા કરવવામાં આવેલ અન્ય કોઈપણ પ્રકારની રકમમાંથી વસુલાત કરવા માટે અધીકાર છે તેમજ રહેશે. સદર પ્રક્રિયા બાદ પણ તેવા પ્રકારની રકમ વસુલાત ન થાય તો તેવા સંજોગો ટ્રસ્ટ તરફથી લાયસન્સીની કોઈપણ પ્રકારની માલ મીલકત વગેરે અટકાવી જપ્ત કરી અને અબાધિત રીતે વસુલાત કરી શકાશે તેમજ જે બાબતે કોઈ જ સ્વરૂપના વાંધાઓ તકરાર વગેરે લઈ શકાશે નહીં કે તેમ રજુ કરવામાં આવેલ તેવી બાબત ટકવાપાત્ર પણ રહેશે પણ નહીં. જો ટ્રસ્ટ તરફથી આવા કોઈપણ પ્રકારની રકમ વસુલ કરવાપાત્ર નહીં હોય તો સદર સિકયોરીટની ડીપોઝીટની રકમ ટ્રસ્ટની ચુકવણીની સંપુર્ણ પ્રક્રિયા પુરી થયા બાદ જ પરત ચુકવવામાં આવશે. સદર ચુકવણીમાં કોઈ જ પ્રકારનું સમયનું બંધન લાયસન્સર ટ્રસ્ટને રહેશે નહીં.

૨૫. સદર દુકાન મીલકતની પરત્વેની કોઈપણ પ્રકારની ચડત રકમની વસુલાત બાબતે લાયસન્સી પક્ષે વાંધા તકરાર વગેરે ઉભા કરી શકાશે નહીં કે તેવી તમામ બાબત ટકવાપાત્ર કે માનવાપાત્ર પણ રહેશે નહીં. આ ઉપરાંત લાયસન્સી પક્ષે જે સદર રકમ ટ્રસ્ટમાં સદર હેતુ માટે જમા કરાવવામાં આવેલ છે. તે તમામની અસલ રસીદ લાયસન્સીને જે તે સમયે જ એટલે કે જયારે સદર રકમ જમા કરાવવામાં આવેલ છે ત્યારે જ સદર રસીદો આપવામાં આવેલ છે તેમજ સદર બાબતે કોઈપણ પ્રકારના વાંધા તકરાર કે મળેલ નથી તેવી રજુઆત કરી શકાશે નહીં કે તેવી બાબત ધ્યાન પર પણ લઈ શકાશે નહીં.

૨૬. સદર દુકાન – મીલકત માત્ર આ સમય મર્યાદા માટે વગર વ્યાજની રીફંડેબલ ' વિકાસ અનામત ફંડ ' યાને કે ડેવલોપમેન્ટ રીઝર્વ ફંડ યાને કે ડી. આર. એફ.ની રકમ લાયસન્સી ધ્વારા સ્વૈચ્છાપુર્વક રૂા. ..................../ ( અંકે રૂપિયા ............................................... પુરા ) ની રકમનો ચેક/ડીડી

નં. .................... બેંક.......................................ની પ્રભાસ પાટણ/........... ની શાખાનો/ રોકડા તા.   /      /૨૦૧ ના રોજ રસીદ નં. .................. થી વ્યાજ વગરની રીફંડેબલ ' વિકાસ અનામત ફંડ ' યાને કે ડેવલોપમેન્ટ રીઝર્વ ફંડ યાને કે ડી. આર. એફ.ની ડીપોઝીટની રકમ ટ્રસ્ટમાં જમા કરાવવામાં આવેલ છે. જે તમામની અસલ રસીદ લાયસન્સીને જે તે સમયે જ એટલે કે જયારે સદર રકમ જમા કરાવવામાં આવેલ છે ત્યારે જ સદર રસીદો મેળવવામાં આવેલ છે તેમજ સદર બાબતે કોઈપણ પ્રકારના વાંધા તકરાર કે મળેલ નથી તેવી રજુઆત કરી શકાશે નહીં કે તેવી બાબત ધ્યાન પર પણ લઈ શકાશે નહીં.

૨૭. આ લીવ એન્ડ લાયસન્સનો કરાર માત્રને માત્ર મર્યાદિત તેમજ સ્પષ્ટ હેતુ તેમજ સમય મર્યાદા પુરતો જ સીમિત છે. જેથી તે “ Right in personam ” એટલે કે ' માત્ર ને માત્ર વ્યકિત બંધક ' તેમજ માત્ર ને માત્ર વ્યકિતગત અધિકાર હોવાથી જ જે હક માત્ર હાલના લાયસન્સી પુરતો જ ખુબ જ સ્પષ્ટ રીતે સીમિત છે તેમજ રહેશે જેથી કરારના સમય દરમ્યાન કે ભવિષ્યમાં તે અંગે લાયસન્સી કે તેમના કોઈપણ વંશ વારસો, કાયદેસરના પ્રતિનિધી કે અન્ય કોઈપણ સ્વરૂપે અધિકૃત કરવામાં આવેલ વ્યકિતને આ લાયસન્સથી કોઈ જ પ્રકારે હિત હકક કે અધિકાર છે નહીં કે ભવિષ્યમાં ઉત્પન્ન થઈ શકશે નહી કે રહેશે કે થશે પણ નહીં. જો સદર લાયસન્સ પરીયડ દરમ્યાન લાયસન્સરના ગુમ થવાને કારણે, અવસાન થવાને કારણે, સંપુર્ણ કે અંશતઃ અપંગ થવાને કારણે અથવા તો તે જાતે સદર હેતુવાળો ધંધો કે વ્યવસાય કરી ન શકે અથવા તેમનાથી તેમ કરવા માટે વાસ્તવમાં શકય બને તો તેવા તમામ કે તે પૈકીના કોઈપણ સંજોગોમાં સદર લીવ એન્ડ લાયસન્સ બાબતે કોઈને કોઈપણ પ્રકારના હકક, હિત, વારસાઈ ઉત્પન્ન થશે નહીં, રહેશે નહીં કે તેવુ માનવાને કોઈપણ પ્રકારનું વાજબી કારણ પણ માની શકાશે નહીં. આ ઉપરાંત લાયસન્સી સાથેના અન્ય કોઈપણ વ્યકિત, પેઢી કે સદર જણાવવામાં આવેલ કોઈ વ્યકિત, બેંક, સંસ્થા વગેરે સાથે જો ટ્રસ્ટની સદર મીલકત બાબતે કોઈપણ પ્રકારની લેખીત, મૌખિક કે અન્ય કોઈપણ સ્વરૂપે ગર્ભિત કે સ્પષ્ટ રીતે નાણાકીય કે અન્ય કોઈપણ પ્રકારનો કરાર, સમજુતી, અધિકાર પત્ર, વચનપત્ર, ગીરો, બોજો, પેટા ભાડે, પેટા લાયસન્સ વગેરે અન્ય કોઈ જ બાબતે થયેલ કોઈપણ પ્રકારના વ્યવહારથી ટ્રસ્ટની સદર લાયસન્સવાળી મીલકત કે લાયસન્સર ટ્રસ્ટની અન્ય કોઈપણ મીલકત વગેરે ઉપર કોઈ જ પ્રકારનો બોજો કે કોઈ જ પ્રકારનો હકક હિત કે અધિકાર ઉભો કરી શકાશે નહીં કે તેમ કરવાથી થશે પણ નહીં. આમ છતા જો તેવુ કરવામાં આવેલ હશે તો તે બાબત અંગેની તમામ પ્રકારની અંગત જવાબદારી માત્ર ને માત્ર લાયસન્સી પક્ષની જ રહેશે. જો આવા કિસ્સા ટ્રસ્ટના ધ્યાન પર આવશે તો તે બાબતે ટ્રસ્ટ સદર લાયસન્સ વિના નોટીશે તેમજ વળતરે રદ કરી અને સદર મીલકતનો કબજો લઈ શકશે તેમજ લાયસન્સી પક્ષ તરફથી જમા કરાવવામાં આવેલ તમામ પ્રકારની ડીપોઝીટની રકમ જપ્ત પણ કરવાને માટે અબાધિત રીતે હકદાર રહેશે.

૨૮. સદર દુકાન મીલકતમાં તમામ પ્રકારનું સમારકામ, લાઈટીંગ કામ તેમજ મરામતકામ જાળવણી વગેરે કરાવવાની તમામ જવાબદારી લાયસન્સીની રહેશે તથા તે મુજબ જ સદર મીલકતની જાળવણી પણ

કરવાની રહેશે. જેથી જે રીતે લાયસન્સીએ તેમના હસ્તકની લાયસન્સવાળી મીલકત પરત્વેની સદર કામગીરી બિનશરતી કરાવવાની રહેશે.

૨૯. આ લીવ એન્ડ લાયસન્સના કરારમાંની જુદી જુદી શરતોમાં યાત્રી સુવિધા અથવા જાહેર હિત કે નીતિ વિષયક નિર્ણયને લીધે જો જરૂરી જણાય ત્યારે ગમે તે સમયે અથવા તો ગમે ત્યારે લાયસન્સર ટ્રસ્ટને જરૂરી જણાય ત્યારે જરૂરી એવા તમામ સુધારા વધારા કે અન્ય કોઈ વધારાની શરતો રાખવા, ઉમેરવા, લાયસન્સની કોઈ શરતોમાં ફેરફાર કરવા રદ કરવા દુર કરવા કે સમગ્ર લાયસન્સ જ રદ કરવા વગેરે માટે કોઈપણ નિર્ણય કોઈપણ બાબતે તેમજ કોઈપણ સમયે લેવા માટે કે કરવા માટેની શ્રી સોમનાથ ટ્રસ્ટને અબાધિત રીતે સતા છે તેમજ રહેશે. સદર બાબત લાયસન્સીને સંપુર્ણપણે તેમજ બિનશરતી બંધનકારક રહેશે.

૩૦. આ લીવ એન્ડ લાયસન્સ ડીડ તેમજ અન્ય તમામ જરૂરી આવશ્ક એવા કાગળો વગેરે તૈયાર કરવા તેમજ તેને અનુંસંધાને જે કોઈપણ ખર્ચ થયેલ હોય તેમજ ભવિષ્યમાં થાય તે તેમજ તેવા તમામ પ્રકારની રકમ લાયસન્સીએ લાયસન્સરની સુચનાનુસાર ટ્રસ્ટમાં દિન– ૮માં અચુકપણે જમા કરાવવાની રહેશે.

૩૧. યાત્રિ સેવા કે જાહેર હિતમાં હાલની દુકાન મીલકતના સંચાલનના સમય, સ્વચ્છતા, પર્યાવરણ કે મીલકતની જાળવતી કે અન્ય નિયમો વખતો વખત બનાવવા માટેના તમામ અધિકાર લાયસન્સર ટ્રસ્ટને છે તેમજ રહેશે અને પ્રવર્તમાન નિયમો જાળવવા લાયસન્સીને બંધનકારક રહેશે તેમજ તેમને લગતા અન્ય દરેક ખર્ચાઓ વગેરે તમામ રકમ અંગે જે રકમ લાયસન્સીના ભાગે–હિસ્સે આવશે તેવી રકમ લાયસન્સવાળી દુકાન/મીલકત આવેલ છે તે સમગ્ર મીલકતના દરેક લાયસન્સી તરફથી લાયસન્સર ટ્રસ્ટને અથવા તો તેની સુચના મુજબની આવી રકમ લીવ એન્ડ લાયસન્સ ફી ની જેમ જ તેમજ તે જ રીતે નિયમીત રીતે તેમજ ફરજીયાતપણે આપવાની રહેશે. તેના ભંગના કિસ્સામાં અગાઉ જણાવવામાં આવ્યા મુજબ વ્યાજ પણ વસુલ કરવા માટે તેમજ આવી બાબતે લાયસન્સ રદ કરી અને કબજો મેળવવા માટે લાયસન્સર ટ્રસ્ટને અબાધિત અધિકાર છે તેમજ રહેશે.

૩૨. આ લીવ એન્ડ લાયસન્સના કરાર પૈકીની કોઈપણ જોગવાઈ કે શરતનો જો લાયસન્સી પક્ષે ભંગ કરવામાં આવશે તો તેવા સમયે લાયસન્સર ટ્રસ્ટ વગર નોટીશ તેમજ વગર વળતરે લાયસન્સ રદ કરી અને કબજો મેળવવા માટે વિશેષાધિકાર ધરાવશે અને તે માટે હકકદાર પણ બનશે. આ ઉપરાંત જો લાયસન્સી પક્ષે કોઈ અગાઉ શરત ભંગ કરેલ હોય અને જે બાબતે જો લાયસન્સર પક્ષે કોઈપણ પગલા લેવામાં આવેલ ન હોય અથવા તો લઈ શકાયલ ન હોય તો તે બાબતને પણ ધ્યાનમાં લઈ શકાશે. સદર તમામ બાબત લાયસન્સીને બિનશરતી તેમજ સંપુર્ણપણે બંધનકારક છે તેમજ નિર્ણય સમયે પણ રહેશે.

૩૩. સદર લીવ એન્ડ લાયસન્સથી આપવામાં આવેલ સદર દુકાન–મીલકતમાં લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા ફીટ કરવામાં આવેલ જુદી જુદી ચીજ વસ્તુઓ જેવી કે રોલીંગ શટર, લાઈટીંગ વગેરે લાયસન્સી પક્ષે જોઈ અને કબજો મેળવતી સમયે સ્વીકારવામાં આવેલ છે. જે દરેક ચીજ વસ્તુ લાયસન્સર ટ્રસ્ટને કબજો પરત સોપતી વખતે તેવી સારી તેમજ ચાલુ સ્થિતીમાં જ પરત કરવાની રહેશે. જો સદર બાબતે કોઈ નુકશાની થયેલ હશે અથવા તો કોઈ ચીજ વસ્તુ મળી શકશે નહીં તો તેવા સમયે તેવા પ્રકારની લાયસન્સર ટ્રસ્ટના જણાવ્યા મુજબની નવી વસ્તુ અથવા તો તે અંગેની રકમ ભરપાઈ કરવા માટેની સંપુર્ણ જવાબદારી લાયસન્સી પક્ષની જ રહેશે.

૩૪. સદર લીવ એન્ડ લાયસન્સવાળી દુકાન – મીલકત સદર લાયસન્સથી જે હેતુ માટે વાપરવા આપવામાં આવેલ છે તે હેતુ મુજબ જ તેનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત તે માટેના જો આવશ્યક હોય તો તેવા જાહેરાત માટેના બોર્ડ, બેનેર વગેરેની જે ફીકસ જગ્યા છે સદર મીલકતના બહારના ભાગમાં અથવા તો તેની બહારના ભાગમાં લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા લેખીત સુચના થાય તે મુજબની જ જગ્યા તેમજ તેટલામાં જ લાયસન્સી પક્ષે લગાવવાના રહેશે. આમ છતા પણ જો તેમ કરવામાં આવશે તો આવી બાબતે લાયસન્સ રદ કરી અને કબજો મેળવવા માટે લાયસન્સર ટ્રસ્ટને અબાધિત અધિકાર છે તેમજ રહેશે.

૩૫. સદર લીવ એન્ડ લાયસન્સની સમય મર્યાદા દરમ્યાન કુદરતી આપતિને કારણે જો મુળ મીલકત કે જેની સાથે સદર દુકાન–મીલકત જાડાયેલ છે તેને સંપુર્ણ કે અંશતઃ નુકશાન થવાના કિસ્સામાં મુળ મીલકત જર્જરીત થવાના કિસ્સામાં, રોડ રસ્તા વાઈડીંગ કે તીર્થધામને કારણે યાત્રીઓની સુવિધા કે બહોળા જનહિતમાં સદરહુ મુળ મીલકત સંપુર્ણપણે દુર કરવાની થાય કે તેની મુળ ડીઝાઈનમાં ફેરફાર કરવાનો થાય તો તેવા તમામ કે તેવા પ્રકારના અન્ય કોઈપણ કારણને લીધે હાલનું આ લાયસન્સ રદ કરવા માટે લાયસન્સર ટ્રસ્ટને અબાધિત છે તેમજ રહેશે. આ ઉપરાંત ઉભયપક્ષને સદર બાબત સંપુર્ણપણે તેમજ બિનશરતી બંધનકારક છે તેમજ રહેશે. આવા સંજોગોમાં લાયસન્સી પક્ષ કોઈપણ સ્વરૂપે વળતર કે વિકલ્પની માંગણી કરી શકશે નહીં કે તેવી કરવામાં આવેલ માંગણી લાયસન્સર ટ્રસ્ટને બંધનકારક રહેશે પણ નહીં.

૩૬. સદર સદર લીવ એન્ડ લાયસન્સના કરારમાં ઉપરોકત જણાવવામાં આવેલ તમામ શરતોમાં કોઈપણ શરત હોય આમ છતાપણ જો ભવિષ્યમાં જો કોઈ કાયદાનુસાર, જાહેર હિત માટે અથવા તો ટ્રસ્ટના વિકાસ માટે કે કોઈપણ નીતિવિષયક નિર્ણયથી તેમા કોઈ ફેરફાર, સુધારા, વધારા, કરવાના થાય કે સમગ્ર લાયસન્સ જ સમાપ્ત–રદ કરવાનું થાય તો તે અંગે લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા તેમ કરવા માટેના તમામ અબાધિત હકક તેમજ અધિકાર રહેશે તથા આવા સમયે લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા કોઈ જ પ્રકારના કારણો દર્શાવવા કે જણાવવા આવશ્યક કે જરૂરી રહેશે નહીં. આ શરત તમામ બાકીની જોગવાઈઓમાં સર્વોચ્ચ તેમજ આખરી ગણાશે તેમજ જે લાયસન્સી પક્ષને પણ સંપુર્ણપણે તેમજ બિનશરતી રીતે બંધનકારક રહેશે.

૩૭. સદર લીવ એન્ડ લાયસન્સવાળી દુકાન – મીલકત લાયસન્સી અથવા તો લાયસન્સર ટ્રસ્ટ જયારે સ્વૈચ્છાપુર્વક ખાલી કરવા તેમજ ખાલી કરાવવા માંગતા હોય ત્યારે એક માસના સમયગાળા માટેની લેખીત નોટીશ આપી અને તે રીતે ખાલી કરી / કરાવી શકાશે. અને જો નોટીશ ન આપવામાં આવે તો તેવા સંજોગોમાં એક માસની લાયસન્સ ફીની રકમ જે તે ખાલી કરનારે અથવા તો ખાલી કરાવનારે સામા પક્ષને આપવાની રહેશે. સદર બાબત શરતભંગના કિસ્સા અન્વયે જો ખાલી કરવામાં આવે તો ત્યારે તેમા લાગુ પડશે નહીં. આવા કિસ્સામાં લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા શરતભંગ, ચડત લાયસન્સ ફી વગેરે ધ્યાને લઈ અને જરૂરી કાર્યવાહી કરવાને માટે હકદાર રહેશે.

૩૮. લાયસન્સર ટ્રસ્ટ શ્રી સોમનાથ ટ્રસ્ટની મીલકત જાહેર મીલકત હોય જેથી જે અન્વયે ' ગુજરાત પબ્લીક પ્રિમાઈસીસ (ઈવીકશન ઓફ અનઓથોરાઈઝડ ઓકયુપન્ટ) એકટ – ૧૯૭૨ અન્વયે પણ સદર લીવ એન્ડ લાયસન્સની જુદી જુદી શરતોથી તેમજ જણાવવામાં આવેલ હેતુ અને સમયથી આપવામાં આવેલ છે તે દરેક બાબતે આ દુકાન મીલકત અંગેની તમામ કાર્યવાહી તે કાયદા હેઠળ કરી શકાશે.

૩૯. લાયસન્સી ધ્વારા સદર દુકાન – મીલકત લીવ એન્ડ લાયસન્સથી મેળવવા માટેનું દરખાતદાર તરીકે જે તા. ..../....../૨૦૧.... ના રોજ ક્રમ નં.......... થી જે દરખાસ્ત પત્ર રજુ કરવામાં આવેલ છે તે દરખાસ્ત પત્રમાં જણાવવામાં આવેલ તમામ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા જે દરખાસ્ત ફોર્મ પણ આ સદર લીવ એન્ડ લાયસન્સ ડીડનો ભાગ જ ગણાશે.

૪૦. સદર લીવ એન્ડ લાયસન્સની શરતોના સંદર્ભમાં અર્થઘટન કે અન્ય કોઈ સમજણ અંગેની બાબત ઉપસ્થિત થાય તો તે અંગે લાયસન્સર ટ્રસ્ટને તેના નિરાકરણનો અબાધિત અધિકાર રહેશે અને તેવુ નિરાકરણ લાયસન્સીને ચુસ્તપણે બંધનકર્તા રહેશે.

સદર લીવ એન્ડ લાયસન્સમાં ઉપર જણાવવામાં આવેલ તમામ શરતો, આ સાથેના એનેક્ષરમાં જણાવવામાં આવેલ તમામ શરતો તેમજ સદર દુકાન – મીલકત લીવ એન્ડ લાયસન્સથી મેળવવા માટે લાયસન્સી પક્ષે રજુ કરેલ દરખાસ્ત પત્રમાં જણવવામાં આવેલ તમામ પ્રકારની શરતો તેમજ જોગવાઈઓ વિગત/બાબત અમોએ  જાતે વાંચેલ છે/ અમારા સાક્ષીએ વાંચી સંભાળાવેલ છે તેમજ અમે જે રીતે સમજેલ છીએ. જની નકલ અમો લાયસન્સીને મળેલ છે સદર બાબતે અમો લાયસન્સી સહમત થઈ અને રાજી ખુશીથી કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાપુર્વક જે બદલ અમે આથી નીચે અમારી તેમજ અમારા સાક્ષીની દરેક પાના પર સહીઓ કરેલ તેમજ કરાવેલ છે. જે અમો તથા અમારા દરેક વંશ વારસો તેમજ અમારાથી અધિકૃત થયેલ તમામ વ્યકિતઓને બંધનકર્તા રહેશે. જેની પણ અમો લાયસન્સી આથી પુનઃખાતરી આપીએ છીએ.

તારીખ :– ......./......../૨૦૧

સ્થળ :– પ્રભાસ પાટણ

| | |
|---|---|
| ............................................ | ............................................ |
| લાયસન્સર વતી સહી તથા સિકકા | લાયસન્સીની સહી |
| | ડ્રાઈવીંગ લાયસન્સ નં. .................................... |
| | પાન કાર્ડ નંબર ............................................ |
| | મોબાઈલ નંબર ........................................... |
| | નકલ સામેલ છે ? હા / ના |
| સાક્ષી .......................................... | સાક્ષી ..................................................... |
| પુરુ નામ :– ...................................... | પુરુ નામ .................................................... |
| હોદો :– ............................................ | ઉ. વ. ................ ધંધો. ............................. |
| | ડ્રાઈવીંગ લાયસન્સ નં. ................................... |
| | પાન કાર્ડ નંબર ............................................ |
| | મોબાઈલ નંબર ........................................... |
| | પુરુ સરનામુ :– ......................................... |
| | ............................................................. |
| | નકલ સામેલ છે ? હા / ના |
| સાક્ષી ...................................... | સાક્ષી ..................................................... |
| પુરુ નામ :– ................................... | પુરુ નામ .................................................. |
| હોદો :– ........................................ | ઉ. વ. ................ ધંધો. ............................. |
| | ડ્રાઈવીંગ લાયસન્સ નં. .................................... |
| | પાન કાર્ડ નંબર ............................................ |
| | મોબાઈલ નંબર ........................................... |
| | પુરુ સરનામુ :– ......................................... |
| | ............................................................. |
| | નકલ સામેલ છે ? હા / ના |

**સદર લીવ એન્ડ લાયસન્સ ડીડની નકલ અમોને મળેલ છે.**

............................................

લાયસન્સીની સહી

## <u>એનેક્ષર</u> :–

**શ્રી સોમનાથ ટ્રસ્ટની લીવ એન્ડ લાયસન્સ ડીડથી આપવામાં આવેલ દુકાન/મીલકત ના લાયસન્સર શ્રી સોમનાથ ટ્રસ્ટની પૂર્વ મંજુરીથી થનાર ટ્રાન્સફર અંગેના નિયમો :–**

શ્રી સોમનાથ ટ્રસ્ટની લીવ એન્ડ લાયસન્સ ડીડથી આપવામાં આવેલ જુદી જુદી ખુલ્લી જગ્યા – મીલકતને લાયસન્સર ટ્રસ્ટની પરવાનગીથી કરવામાં આવેલ ટ્રાન્સફરના તેમજ રીન્યુઅલના કિસ્સામાં નીચે મુજબની શરતો લાગુ પડશે.

૧. ટ્રાન્સફરના તેમજ રીન્યુઅલના કિસ્સામાં સદર લીવ એન્ડ લાયસન્સ ડીડની દરેક જોગવાઈઓ સિવાય કે જે ફેરફાર કરેલ હોય તે દરેક અચુકપણે લાગુ પડશે જેનુ નવા લાયસન્સીએ પણ અચુકપણે પાલન કરવાનું રહેશે.

૨. ટ્રાન્સફરના કિસ્સામાં મુળ લાયસન્સમાં જે સમય મર્યાદા જણાવવામાં આવેલ હોય તેમા વધારો કરવામાં આવશે નહીં એટલે કે, આવા કિસ્સામાં તબદીલીની મંજુરી આપવામાં આવશે પરંતુ સમય મર્યાદા તો જે તે ૩૫ માસના સમયગાળા વાળી જ યથાવત રહેશે. સદર બાબત મુળ લાયસન્સી ને તેમજ જેને તબદીલ કરવામાં આવનાર છે તે વ્યકિત/નવા લાયસન્સીને પણ અચુકપણે બંધનકારક રહેશે.

૩. નવા લાયસન્સીએ સુચનાનુસાર નવા લીવ એન્ડ લાયસન્સ ડીડ બનાવવા માટેની કાર્યવાહી કરવા માટે જરૂરી એવા તમામ આધાર પુરાવાઓ અચુકપણે રજુ કરવાના રહેશે.

૪. નવા લાયસન્સના વ્યવહારની મંજુરી મળ્યા બાદ દિવસ – ૮ (આઠ) માં સંપુર્ણ કાર્યવાહી પુરી કરાવવાની જવાબદારી જે તે વ્યકિત – નવા લાયસન્સીની અંગત રીતે રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેવી મંજુરી આપોઆપ રદ થશે તેમજ જમા કરવામાં આવેલ તમામ રકમ કોઈપણ કારણ આપ્યા સિવાય ટ્રસ્ટ ધ્વારા જપ્ત કરવામાં આવશે.

૫. તબદીલના કિસ્સામાં જો જે તે મુળ લાયસન્સી તેમજ જેને નામે તબદીલ થનાર હોય તે વ્યકિત વચ્ચે કોઈ વાદ વિવાદ, વાંધા તકરાર, દાવા દુવી કે અન્ય કોઈ બાબત ઉભી થશે તો તે તમામ પ્રકારની જવાબદારી મુળ લાયસન્સીની જ રહેશે. તેમજ આવા બનાવના અંગે જો ટ્રસ્ટ ધારે તો મુળ લાયસન્સ પણ રદ કરવા માટે અબાધિત રીતે હકદાર રહેશે તેમજ વિના વળતર તેમજ નોટીશે કબજો મેળવી અને બન્ને વ્યકિતઓએ જમા કરાવવામાં આવેલ તમામ રકમ પણ જપ્ત કરી શકાશે.

૬. તબદીલના દરેક કેસમાં તબદીલથી દુકાન– મીલકત મેળવનારે તેમના પોતાના નામે વીજ પ્રવાહ મેળવવા માટેનું જોડાણ મેળવવાનું રહેશે સદર બાબતે લાયસન્સર ટ્રસ્ટ તરફથી ના વાંધો પ્રમાણપત્ર આપવામાં આવશે. વીજ જથ્થો પુરો પાડનાર કંપની/પેઢી ને જે કોઈપણ કાગળ આધાર પુરાવાઓ આપવામાં આવેલ હોય તે તમામની એક નકલ નવા લાયસન્સીએ અચુકપણે લાયસન્સર ટ્રસ્ટમાં પુરી પાડવાની રહેશે તેમજ તેમના નામે સદર પ્રવાહ ચાલુ થયા બાદ જ પોતાનો ધંધો સદર દુકાનમાં ચાલુ કરી શકશે.

૭. પ્રતિ તબદીલીના કિસ્સામાં વ્યાજ વગરની રિફંડેબલ ' વિકાસ અનામત ફંડ ' યા ને રિઝર્વ ડેવલોપમેન્ટ ફંડ તમેજ સિકયોરીટી ડીપોઝીટની રકમમાં લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા ૨૫% કે તેથી વધારે વધારો કરવામાં આવશે જેથી જે રકમ જયારે જણાવવામાં આવે ત્યારે તાત્કાલિક તબદીલીથી લેનાર વ્યકિતએ ટ્રસ્ટમાં જમા કરાવવાની રહેશે.

૮. પ્રતિ તબદીલીના તેમજ રીન્યુઅલના દરેક કિસ્સામાં લીવ એન્ડ લાયસન્સ ફી તેમજ સિકયોરીટીની ડીપોઝીટમાં લાયસન્સર ટ્રસ્ટ ધ્વારા ૨૫ % કે તેથી પણ વધારે વધારો કરવામાં આવશે જેથી જે બાબત લાયસન્સર ટ્રસ્ટને એકાધિકાર તેમજ વિશેષાધિકાર છે તેમજ રહેશે. જે બાબત જુના લાયસન્સી ને તેમજ નવા લાયસન્સી/ વ્યકિતને અચુકપણે તેમજ બિનશરતી લાગુ પડશે.

૯. લાયસન્સ પીરીયડ દરમ્યાન અથવા લાયસન્સ પીરીયડ પુરો થયા બાદ જો લાયસન્સી દુકાન ખાલી કરી અને લાયસન્સર ટ્રસ્ટને પરત સોંપવા ઈચ્છે તો તે માટે લાયસન્સર ટ્રસ્ટની પુર્વમંજુરી–સંમતિ મેળવી અને તેમ કરી શકશે સદર બાબતે તેવા લાયસન્સીએ જમા કરાવવામાં આવેલ જે તે રકમ ટ્રસ્ટની હિસાબી પધ્ધિતી તેમજ પ્રણાલિકા મુજબ દરેક કાર્યવાહી પુરી કરી અને ચુકવવામાં આવશે જે માટે કોઈપણ સ્વરૂપે વાંધો કે તકરાર લઈ શકાશે નહીં. જો ટ્રસ્ટ ધ્વારા રીન્યુઅલ, તબદીલી કે આવા પ્રકારના કિસ્સામાં કોઈપણ પ્રકારની રકમ જેમ કે નુકસાનીની રકમ, ચડત રકમ, વ્યાજની રકમ, દંડની રકમ વગેરે પ્રકારની લેવાની બાકી હશે તેવી તમામ રકમ વગર નોટીશે લાયસન્સીને આપવા પાત્ર રકમ માંથી બાદ કરી અને આપવામાં આવશે તેમજ તેવી રકમ અંગેની પાકી પહોંચ પણ આપવામાં આવશે. જેથી સદર બાબતે કોઈપણ પ્રકારના વાંધાઓ તકરાર અરજી કરી શકાશે નહીં કે તેવી બાબત ટકવાપાત્ર પણ રહેશે નહીં.

૧૦. લાયસન્સર ટ્રસ્ટ તરફથી તબદીલીના તેમજ રીન્યુઅલ ના કિસ્સામાં જો ટ્રસ્ટ ધારે તો કોઈપણ નવી તેમજ વધારાની શરતો તેમજ જોગવાઈઓ ઉમેરી શકશે તેમજ જો યોગ્ય લાગે તો કોઈપણ શરત જોગવાઈઓ સુધારી શકશે તેમજ જરૂરી જણાય તો કોઈપણ કારણ જણાવ્યા સિવાય સમગ્ર જોગવાઈ જ દુર કે રદ પણ કરવા માટે અબાધિત તેમજ એકાધિકાર ધરાવે છે.

૧૧. ટ્રસ્ટને મળેલ રીન્યુઅલ કે તબદીલ માટેના દરખાસ્ત પત્ર અન્વયે મંજુરી આપવી કે કેમ ? તે બાબત અંગેની અબાધિત અધિકાર માત્ર ને માત્ર શ્રી સોમનાથ ટ્રસ્ટને જ છે તેમજ બિનશરતી રહેશે જે બાબત સંપુર્ણપણે તેમજ બિનશરતી રીતે લાયસન્સી પક્ષને તેમજ તબદીલીથી લેવા ઈચ્છનાર વ્યકિતને બંધનકારક છે તેમજ રહેશે. જે બાબતે કોઈપણ વાદ વિવાદ વાંધા તકરાર વગેરે લઈ શકાશે નહીં કે ટકી પણ શકશે નહીં. આ ઉપરાંત જો ટ્રસ્ટ ધારે તો આ એનેક્ષરની શરતો ફેરફાર, રદ વગેરે પણ કરવાને માટે અબાધિતપણ હકકદાર છે તેમજ રહેશે.

લાયસન્સર........................................ લાયસન્સી ..........................................

સાક્ષી .......................................... સાક્ષી ............................................

## ફોટોગ્રાફસ નું એનેક્ષર

| સહી | ફોટોગ્રાફસ | ડાબા અંગુઠાનું નિશાન |
|---|---|---|
| | | |
| | | |